## જન્મદિને વધામણી



કમલ કિશોર જૈન
ડિરેક્ટર, ફાઈનાન્સ
કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ, ગાંધીનગર
પ્રમુખ, કલરવ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૧૬૬૧૧



શારદાબેન ડુંગાણી
ફોન : ૨૩૨૨૫૯૨૫



જયેશકુમાર પી ઠાકર
મો. ૯૯૨૫૧ ૫૪૭૮૨



વંશિકા ભરતકુમાર શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧

'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે આજે

# "કવિરાજ સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી" વિષયે વ્યાખ્યાન

### સ્વામીએ રચેલ રેણકી છંદની રચનાનાં સામે પલ્લે મૂકી શકાય તેવી રચના મળી નથી

ગાંધીનગર, તા. ૨૩

શું ભગવાનની કોઈ પરીક્ષા કરી શકે? હા. રાજસ્થાનના શિરોહી રાજ્યના ખાણ ગામમાં જન્મેલા લાડુદાનજી બારોટ ભાવનગર નરેશ વજેસિંહના કહેવાથી સ્વામિનારાયણ ભગવાન છે કે કેમ? તેની પરીક્ષા કરવા ગયા, પણ તેમનાં દર્શનથી અને પોતે કરેલા સંકલ્પો પૂરા થઈ જતા હૃદય પરિવર્તન થઈ ગયું. અને રાજકવિ પદ તથા અનેક લૌકિક સન્માનોનો ત્યાગ કરી, સાધુની દીક્ષા ધારણ કરી, બ્રહ્માનંદ સ્વામી નામ ધારણ કર્યું.

જુદાજુદા રાજ્ય તરફથી મળેલ રાજકવિ પદના પ્રલોભનોને ઠોકરે મારનાર, અદ્ભૂત સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવનાર બ્રહ્માનંદ સ્વામીએ ૮૦૦૦થી વધુ પદો લખ્યા છે. જેમાં દોહા, સોરઠા, ચોપાઈ અને જુદા જુદા છંદોમાં પિંગળશાસ્ત્રના નિયમો સારી રીતે પળાયેલા દેખાય છે. ગુજરાતના જૂના અને નવા કવિઓની અપેક્ષાએ તેમનું પિંગળશાસ્ત્રનું જ્ઞાન અદ્વિતીય હતું. માવદાન કવિ કહે છે કે, આજદિન સુધી સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ રચેલ રેણકી છંદની રચનાનાં સામે પલ્લે મૂકી શકાય તેવી રચના મળી નથી.

કવિવર રવિન્દ્રનાથ ટાગોર પણ રેણકી છંદ સાંભળી ઝૂમી ઉઠ્યા હતા. એવા બ્રહ્માનંદ સ્વામીનાં જીવન-કાર્યને જાણવા માટે આર્ષ પ્રવચનમાળાનું ૭૪મું પ્રવચન રાખવામાં આવ્યું છે.

ત્રૈમાસિક પ્રવચનમાળાના ૭૪મા પ્રવચનનો વિષય કવિરાજ સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી રાખ્યો છે. આ વિષય પર શ્રી સ્વામિનારાયણ મંદિર, ભાવનગરના મહંત પૂ. સોમપ્રકાશદાસ સ્વામી તેમની છંદ, દોહા, ચોપાઈ વગેરેના ઝડઝમક સાથેની અદ્ભૂત કાઠિયાવાડી ચારણી શૈલીમાં વાદ્ય સંગીત સહ તા.૨૬-૧૨-૨૦૧૫, શનિવારના રોજ, સાંજે ૪:૩૦ થી ૭:૦૦ કલાકે અક્ષરધામ હરિમંદિર સભાગૃહમાં પ્રવચન આપશે તો આ પ્રવચનનો લાભ લેવા સૌ નાગરિકોને પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શાહપુરનાં શિક્ષકોએ બાળકોને સ્વેટરનું હૂંફાળું દાન આપ્યું



શાહપુર પ્રાથમિક શાળાનાં મદદનીશ શિક્ષિકા દિપીકાબેન કેશવલાલ પટેલ અને કૃપાબેન મનુભાઈ પટેલ દ્વારા શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧થી ૬૦ના ૨૬૦ જેટલાં બાળકોને શિયાળાની ઠંડીથી રક્ષણ માટે સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર તથા ગ્રામજનોએ આ શિક્ષકો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
દિલવાલે
૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
સ્ટાર વૉર્સ
૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦,
૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૦.૦૦
છેલ્લો દિવસ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દિલવાલે
૧૨.૧૫
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરના વિશાળ પરિસરમાં ક્રિસમસની ઉજવણી





ગાંધીનગર, તા. ૨૫

ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરના વિશાળ પ્રાંગણમાં ક્રિસમસની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સિપાલ સથી મૅડમ દ્વારા ઉજવણી શા માટે અને તેની મહત્તા શું છે તે સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ દ્વારા ઈસુ ખ્રિસ્તના જીવન આધારિત સ્કીટ રજૂ કરવામાં આવી હતી.

કેજીનાં ભૂલકાઓએ જીંગલ બૅલ અને ધોરણ-૧થી ૭ના વિદ્યાર્થીઓએ મૅરી ક્રિસમસ ગીત પર ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમના આકર્ષણનું કેન્દ્ર હતા શાન્તાક્લોઝ (નિકિતા મૅડમ) જેમણે બાળકોને ચોકલેટ વહેંચી હતી. આ ઉપરાંત બાઈબલનાં રહસ્યો પર આધારિત 'ટ્રેઝર હન્ટ' સ્પર્ધા પણ આકર્ષણરૂપ બની રહી હતી. પૂજા મૅડમ અને બીજલ મૅડમે કાર્યક્રમનું સફળ સંચાલન કરી વાતાવરણને જીવંત રાખ્યું હતું. પ્રિન્સિપાલ સથી મૅડમ તથા સુપરવાઈઝર રમ્યા મૅડમે કાર્યક્રમનું આયોજન કરી સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# સરઢવ પ્રગતિ મંડળનો વાર્ષિકોત્સવ રવિવારે અમદાવાદ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર, અમદાવાદ સ્થિત સરઢવવાસીઓનો સ્નેહમિલન સમારોહ, તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવાનો સમારોહ તથા વાર્ષિકોત્સવ કાર્યક્રમ આગામી તા. ૨૭ ડિસેમ્બર ને રવિવારે યોજવામાં આવ્યો છે. સરઢવ પ્રગતિ મંડળ આયોજિત આ કાર્યક્રમ ઉમિયાધામ, સોલા-સરખેજ હાઈવે ખાતે રવિવારે સવારે યોજાશે. વિવિધ રમતો તથા અન્ય સ્પર્ધાઓથી કાર્યક્રમનો આરંભ થશે. બપોરે હાઉસી તથા મિમિક્રી જેવા કાર્યક્રમો યોજાશે. ત્રણ વાગ્યે વાર્ષિકોત્સવ અંતર્ગત ઈનામ વિતરણ કાર્યક્રમ તથા વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારા સમાજજનોનું સન્માન કરવામાં આવશે. રાત્રે ગરબા મહોત્સવ યોજાશે. આ પ્રસંગે બે હજાર જેટલા સરઢવવાસીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. સરઢવ પ્રગતિ મંડળના કાન્તીભાઈ એસ પટેલ, યોગેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, નવિનભાઈ પટેલ, આર કે પટેલ તથા યુવાઓ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી રહ્યા છે.

# ગુજ. લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીને સરદાર પટેલ લિડરશીપ ઍવોર્ડ

ગાંધીનગર, તા. ૨૫



ગાંધીનગરના પાદરે કાર્યરત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને સરદાર પટેલ એન્યુઅલ લિડરશીપ એવોર્ડ-૨૦૧૫ પ્રાપ્ત થયો છે.

યુનિવર્સિટી દ્વારા આ અંગેની માહિતી આપતાં સગર્વ જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૧-૧૬ની બેચના વિદ્યાર્થી અરિંજય વ્યાસ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પાંચથી ૧૩ ડિસેમ્બર દરમ્યાન આયોજિત કાર્યક્રમ અંતર્ગત આ એવોર્ડ પ્રાપ્ત કરવા માટે વિજેતા નીવડ્યા હતા. તેમને સરદાર પટેલ લીડરશીપ રોટેટીંગ ટ્રોફિ, પ્રમાણપત્ર અને રૂપિયા ૧૧ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત થયું હતું.

યુનિવર્સિટી દ્વારા તેમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ક્રિસમસ કાર્નિવલ યોજાયો





ગાંધીનગર, તા. ૨૫

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આજે ક્રિસમસ કાર્નિવલ યોજવામાં આવ્યો હતો.

ક્રિસમસ કાર્નિવલ એટલે સાંતાક્લોઝ, ચોકલેટ્સ, કેક, મ્યુઝીક, ડાન્સ અને ખૂબ ધમાલ, મસ્તી, આનંદ. સ્કૂલ ખાતે આયોજિત કાર્નિવલ આ બધી જ વસ્તુઓનું સહિયારું પ્રમાણ બની રહ્યો હતો. ગેમ્સ, ફૂડ સ્ટોલ્સ, જાદુગાર, ઘોડેસવારી અને બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલી સ્કીટ વગેરે આ કાર્નિવલનાં મુખ્ય આકર્ષણો રહ્યાં હતાં.

પ્રૅક્ટિકલ લર્નિંગ ઉપર વિશેષ ભાર મૂકતી રંગોલી સંસ્થા આયોજિત કાર્નિવલમાં વિદ્યાર્થીઓએ આનંદની સાથે ઉદ્યોગ સાહસિકતાના પાઠ પણ શીખ્યા. શાળા દ્વારા શરૂ કરાયેલ ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમ અંતર્ગત બાળકોને કાર્નિવલમાં નજીવા દરે સ્ટોલ્સ ફાળવવામાં આવ્યા હતા. સ્ટોલ્સને લગતું તમામ આયોજન અને સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. રંગોલી ગ્રુપના ચેરમેન પ્રહર અંજારીયાએ જણાવ્યું હતું કે ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમ દ્વારા બાળકની વૈચારિક, તાર્કિક અને નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવામાં મદદ મળે છે અને ટીમવર્કની ભાવના કેળવાય છે, જે તેમના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ કાર્નિવલમાં રંગોલી ગ્રુપની ગાંધીનગરની પ્રિ-સ્કૂલ્સ, ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી આનંદ ઉઠાવ્યો હતો.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે આંતરરાષ્ટ્રીય ડિબેટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫


'મોડલ યુનાઈટેડ નેશન' સંસ્થાના ઉપક્રમે અને ઈન્ફોસિટી સ્કૂલના સહયોગથી ગાંધીનગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પ્રકારની ડિબેટનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

'આઈએસઆઈએસના ખતરાને ટાળવાના ઉપાયો', 'અનાત અંગે ચર્ચા' અને 'આંતરરાષ્ટ્રીય પ્રેસની જવાબદારી' એમ જુદા-જુદા વિષયો પર આયોજિત આ ડિબેટનું ઉદ્ઘાટન નગરની ખ્યાત રેસ્ટોરન્ટ 'પ૬ ભોગ' ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દક્ષિણ આફ્રિકાથી પધારેલ રાકેશકુમારજીએ અતિથિવિશેષ પદ શોભાવ્યું હતું.

જુદી-જુદી શાળામાંથી આવેલ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મુખ્ય મહેમાનનું સ્વાગત ઈન્ફોસિટી સ્કૂલના ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યાએ કર્યું હતું. આચાર્ય ડૉ. પ્રદીપ ગગલામીએ ઈવેન્ટનું મહત્ત્વ સમજાવતું પ્રવચન આપ્યું હતું.

કુ. અમયા ભવ્યા અને કુ. શતાક્ષીએ સંપૂર્ણ ઈવેન્ટને લગતી માહિતી આપી કાર્યક્રમનો આરંભ કરાવ્યો હતો. અંતે, સંસ્થાના ડિરેક્ટર ડૉ. જયેન્દ્રભાઈ પાઠકે આભારવિધિ કરી હતી.

# એકમાત્ર ઓમપ્રકાશ નૈયર જ એવા હતા કે જેમણે પોતાની કારકિર્દી દરમ્યાન એકપણ ગીત લતા પાસે ન ગવરાવ્યું હોય




**ગીત-સંગીતની દુનિયા**
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

આયેગા આયેગા આયેગા
આયેગા આનેવાલા આયેગા આયેગા

ફિલ્મ : મહેલ
વર્ષ : ૧૯૪૯
મુખ્ય કલાકાર : અશોકકુમાર, મધુબાલા
સંગીતકાર : ખેમચંદ પ્રકાશ
ગીતકાર : નખશર જારચવી
ગાયિકા : લતા મંગેશકર

દીપક બગૈર કૈસે
પરવાને જલ રહે હૈં...
કોઈ નહીં ચલાતા
ઔર તીર ચલ રહે હૈં..
તડપેગા કોઈ કબ તક
બે આસ બે સહારે...
લેકિન યે કહે રહે હૈં
દિલ કે મેરે ઈશારે
આયેગા આયેગા આનેવાલા...
ભટકી હુઈ જવાની
મંઝીલ કો ઢૂંઢતી હૈ...
માઝી બગૈર નૈયા
સાહિલ કો ઢૂંઢતી હૈ
ક્યા જાને દિલ કી કશ્તી
કબ તક લગે કિનારે
લેકિન યે કહે રહે હૈં
દિલ કે મેરે ઈશારે
આયેગા આયેગા આનેવાલા...

લતા મંગેશકરે સૌપ્રથમ મરાઠી ફિલ્મમાં ૧૯૪૨ના વર્ષમાં ગીત ગાયેલું. ત્યારબાદ હિન્દી ફિલ્મ 'આપ કી સેવા મેં'માં અવાજ આપ્યો. ફિલ્મના સંગીતકાર હતા દત્તા ડાવજેકર. ગુજરાતી માતા અને મરાઠી પિતાની સંતાન કોકિલ કંઠી લતા મંગેશકરને ખરી સફળતા ૧૯૪૯ના વર્ષમાં મહલ, અંદાઝ અને બરસાત ફિલ્મથી મળી. ત્યારબાદ લગભગ ૧૮૦૦ જેટલી ફિલ્મોમાં પાંચ હજાર કરતાં વધુ ગીતોમાં પોતાનો સ્વર આપ્યો. હિન્દી ફિલ્મોમાં એવો કોઈ જ જાણીતો સંગીતકાર નહીં હોય જેના સંગીત નિર્દેશનમાં લતા મંગેશકરે ગાયું ન હોય. એવી કોઈ જ હિરોઈન નહીં હોય જેને માટે લતાએ પોતાનો સ્વર ન આપ્યો હોય. લતાની કારકિર્દી ઘડવામાં ઘણા બધા સંગીતકારોએ પોતાનું યોગદાન આપ્યું છે.

સફળ સંગીતકારોમાં એકમાત્ર ઓમપ્રકાશ નૈયર જ એવા હતા કે જેમણે પોતાની કારકિર્દી દરમ્યાન એકપણ ગીત લતા પાસે ન ગવરાવ્યું હોય. અલબત્ત, આ માટે કોઈ વિશેષ કારણ જાણમાં નથી.

# અમદાવાદ ખાતે બાયોલોજીના વિદ્યાર્થીઓની વિશાળ કૉન્ફરન્સ

ગાંધીનગર, તા. ૨૫

આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા તા. ૨૬ અને તા. ૨૭ ડિસેમ્બર ૨૦૧૫નાં રોજ શાહીબાગનાં સરદાર પટેલ ઓડિટોરિયમમાં બાયોલોજીનાં વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શનની સૌથી મોટી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં તબીબી અભ્યાસક્રમો, ડેન્ટલ, નર્સીંગ વગેરે જેવા પેરામેડિકલ કોર્સો માટેનાં એડમિશન ધોરણો વગેરેને મુખ્ય ટોપિક તરીકે આવરી લેવામાં આવશે.

આર્શિવાદ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રેસિડેન્ટ શ્રી આર એસ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'આ કોન્ફરન્સનો હેતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ માર્ગદર્શન પુરું પાડવાનો છે, જેથી વિદ્યાર્થીઓને કારર્કિદી માટે સંપૂર્ણ અને પારદર્શક માહિતી મળી રહે અને વિદ્યાર્થીઓ ખોટી માહિતીથી દોરવાય નહી.'

યુએસએની ધ એકેડમી ઓફ નેકસ્ટજેનનાં કો-ચેર શ્રી અર્જુન પટેલ આ કોન્ફરન્સમાં મુખ્ય ફેકલ્ટીઓમાંની એક તરીકે આવશે. તેઓ યુએસએમાં મેડિકલ અને પેરા મેડિકલ કોર્સોમાં કેવી રીતે એડમિશન મળે અને તબીબી અભ્યાસક્રમ કઈ રીતે કરી શકાય તેની જાણકારી આપશે. આ ઉપરાંત બી. જે. મેડિકલ કોલેજનાં એડમિશન કમિટીનાં મેમ્બર સેક્રેટરી પણ એડમિશન પ્રક્રિયા અને ધોરણો વિશે માર્ગદર્શન પુરું પાડશે. યુએસની પિંગરી સ્કૂલ અને હાવર્ડ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ આ કોન્ફરન્સમાં ડેલિગેટ્સ સાથે વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા વાર્તાલાપ કરશે. એચસીજી હોસ્પિટલનાં ત્રણ વિવિધ ઓપરેશન થિયેટરમાંથી લાઈવ સર્જરીનું ઓડિટોરિયમમાં જીવંત પ્રસારણ થશે. જેમાં ઓટીનાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ થશે.

અમેરિકાના સૌથી વધુ વ્યસ્ત ઈમર્જન્સી રૂમને વિડીયો ફિલ્મ દ્વારા દર્શાવાશે. જેમાં વિદ્યાર્થીઓને પ્રૉ પૂછવાની છૂટ આપવામાં આવશે. સ્માર્ટ સવાલો પુછનારા ૧૨ પસંદગીનાં વિદ્યાર્થીઓને ટ્રોફીઓ આપવામાં આવશે.

આ કોન્ફરન્સમાં યુએસએની ડર્માઉથ યુનિવર્સિટીનાં ડો. એફ જોન ફુલ દ્વારા વિડીયો પ્રેઝન્ટેશન મારફતે સંબોધન કરવામાં આવશે.

સરદાર પટેલ ઓડિટોરિયમ, શાહીબાગમાં ૯૦૦ ડેલિગેટ્સનું રજિસ્ટ્રેશન થઈ ચુક્યું છે. આ ડેલિગેટ્સ માટે કોન્ફરન્સ નિઃશૂલ્ક છે.